॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૧૩ | બુધવાર | તા.: ૦૭.૧૨.૨૦૨૨ | SDP No. : 958 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

નરોડા માં ૮૮ વર્ષ નાં દર્દી હરિભાઈ રવાણી ICU માં દાખલ હોવા છતાં એમ્બ્યુલન્સ દ્વારા વોટિંગ કરવા પહોંચ્યા.

ડો પાયલ કુકરાની, નરોડા વિધાનસભાના ઉમેદવાર ખુદ રૂબરૂ ૮૮ વર્ષ નાં રવાણી હરિબાપા એ કરેલ મતદાન માટે તેમના ઘરે આવી અભિનંદન આપી આભાર વ્યક્ત કરી આશિર્વાદ લીધા.હરિભાઈ રવાણી જેઓ નરોડા સમાજ નાં નિર્માણ નાં પાયાના પથ્થર છે જેમની જગદીશ ટિમ્બર માં અનેક સમાજીક અને યુવાઓ ની ચર્ચા અને મેળાવડા અને હનુમાન લાડવા ની મીટીંગ થઈ કેમ નરોડા સમાજ પચાસ વર્ષ ની ઉજવણી કરી છે ત્યારે તેમને વંદન સહ યાદ કરે છે.

ડોકટર વિફલ ભાવાણી,
કંનવીનર પ્રચાર પ્રસાર.

નરોડા વિધાનસભા માં અનોખી ઘટના, નરોડા મત વિસ્તાર માં નરોડા ની ખાનગી હોસ્પિટલ માં ન્યૂમોનિયા થી પીડાતા ૮૮ વર્ષ ની ઉમર નાં ઉત્સાહી હરિભાઈ રવાણી, (જગદીશ ટિમ્બર વાળા) આઇસીયુ માં દાખલ હોવા છતાં તેઓ ડોકટરની ટીમ સાથે એમ્બ્યુલન્સ માં બેસી બુથ પર પહોંચી કીમતી મતદાન કરવામાં આવેલ હતું. હરિભાઈ રવાણી એ જણાવ્યું હતું કે સવારે ડોકટરો ની ફરજ ઉપર ની હોસ્પિટલની ટીમને મતદાન કરવાની જીદ કરી હતી. પરંતુ આઇસીયુ માં ઓકસીજન પર હોવાથી ડોકટર ની ટીમે મને સ્પષ્ટ નાં પાડી દેતાં હું થોડો નર્વસ થઈ ગયો હતો. પણ મારો વોટ ભલે એક હોય પણ તે કીમતી હોય મારી વિનતી સાથે ની આજીજી કરતા ડોકટર ની ટીમે પણ રાષ્ટ્ર ધર્મ પ્રત્યે નો મારો પ્રેમ ને ટાળી નાં શક્યા અને માની જતા મને ઓકસીજન નાં બોટલ સાથે મતદાન મથકે એમ્બ્યુલન્સ માં લઇ જઇ વહિલચેર માં બુથ પર સહી સલામત પહોંચાડી વોટિંગ કરવાયું હતું. મને ખૂબ ગર્વ નો અહેસાસ થયો.

૯૮ વર્ષ નાં કુવરબને કર્યું મોડાસા માં મતદાન

મારો મત જ્યાં મારા પરિવાર ની સુરક્ષા છે તેને.. ગંગા સ્વરૂપ કુંવરબેન રાજાભાઈ લીંબાણી ૯૮ વર્ષ ની ઉંમરે મોડાસા માં પરીવાર સાથે મતદાન કર્યું..

મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં બન્યો ડબલ ડેકર પુલ, ગીનીઝ બુક ઓફ રેકોર્ડમાં નોંધાયું નામ

Digital Currency: ભારતનો પોતાનો ડિજિટલ રૂપિયો આવી ગયો છે, જાણો આનાથી તમને શું થશે ફાયદો

Digital Currency: ભારતીય રિઝર્વ બેંકે મંગળવાર, ૦૧ નવેમ્બરથી ડિજિટલ ચલણ એટલે કે ભારતીય રૂપિયો શરૂ કર્યો છે. ડિજિટલ રૂપિયાનો હવે તેના પ્રથમ પાયલોટ ટેસ્ટ પ્રોગ્રામ દ્વારા વ્યાપક પણે ઉપયોગ કરવામાં આવશે. આ માટે, રિઝર્વ બેંકે આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક, ICICI બેંક, કોટક મહિન્દ્રા બેંક, યસ બેંક, IDFC ફર્સ્ટ બેંક અને HSBC - નવ બેંકોનો સમાવેશ કર્યો છે.

ડિજિટલ રૂપિયાના માધ્યમથી લોકોની રોકડ પરની નિર્ભરતા હવે ઓછી થશે અને એક રીતે તે હોલસેલ ટ્રાન્ઝેક્શન માટે પણ સારો વિકલ્પ સાબિત થશે. અત્યાર સુધી ટ્રાન્ઝેક્શન ચલણ, રૂપિયો અથવા ચેક અથવા કોઈપણ બેંકિંગ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. પરંતુ ડિજીટલ નોટ્સમાં કોઈ હાર્ડ કરન્સીની જરૂર પડશે નહીં. તમે વોલેટ ટુ વોલેટ વ્યવહારો કરી શકશો

આ રૂપિયાથી રૂપિયાના વ્યવહાર પર આધારિત છે, ક્રિપ્ટોમાં બજારના ઉતાર-ચઢાવ પણ મહત્વ ધરાવે છે. તે આરબીઆઈ એટલે કે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે અને તે ફક્ત તેમના દ્વારા જ નિયંત્રિત થાય છે.

વેસલપર ગામે અટલ ભૂજલ યોજના અંતર્ગત પાકો બોર બનાવી પાણી રિચાર્જ નું કામ ચાલુ કરવામાં આવ્યું. જેમાં ગામના સરપંચશ્રી વાલાણી રવિલાલ નારણ સમાજના પ્રમુખ ગંગારામ અબજી તથા મણિલાલ લાધાભાઈ દેવચંદ અરજી ઉકાણી જેંતીલાલ રતનસિંહ ભીમાણી નાનજી શામજી સાંખલા તથા સર્વે ગ્રામજનો હાજર રહી બોરનો કામ ચાલુ કરાવેલ .ખુબ સરસ કાર્ય કરવા બદલ પુરી ટીમને ખુબ ખુબ અભિનંદન.કૃષિ અને પર્યાવરણ ટીમ બિરદાવે છે .

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વડાલી વિભાગમાં ક્રાંતિકારી પરિવર્તન

સાબરકાંઠા માં કુલ ૧૯ યુગલો એ પ્રભુતામાં પગલાં પાડયાં છે. સાથે સાથે ૦૩ પરીવાર દ્વારા સનાતની નાં મંદિર માં પણ પગલાં પાડયાં છે

સતપંથ વિચારધારા નો ત્યાગ કરી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ વિચારધારા ને અપનાવનાર પરિવારની યાદી

(1) બીપીનભાઈ જયંતીભાઈ માકાણી . ઉ .વ.આ ૪૯
મૂળ રહેવાસી જામરેલા કંપા | તાલુકો -વડાલી
જિલ્લો -સાબરકાંઠા | હાલ -સોનગઢ (વ્યારા)
કચ્છમાં ગામ- ચકાર કોટડા
- મંજુલાબેન બીપીનભાઈ માકાણી ઉ.વ.આ 49
- કુશાલભાઈ બીપીનભાઈ માકાણી ઉ.વ.આ 25
- મૈત્રીબેન કુશાલભાઈ મકાણી ઉ.વ.આ 23

(2) તુલસીભાઈ જયંતીભાઈ માકાણી ઉ.વ.આ 45
મૂળ રહેવાસી જામરેલા કંપા | તાલુકો- વડાલી,
જિલ્લો- સાબરકાંઠા | હાલ -સોનગઢ (વ્યારા)
કચ્છમાં ગામ ચકાર (કોટડા)
- પ્રવિણાબેન તુલસીભાઈ માકાણી ઉ.વ. આ. 43
- ઋત્વી તુલસીદાસ માકાણી ઉ.વ.આ. 20
- ઋત્વી તુલસીદાસ માકાણી ઉ. વ. આ. 17

(3) આકાશભાઈ મોહનભાઈ પોકાર ઉ.વ.આ 45
મૂળ વતન -દામાવાસ કંપા | તાલુકો -ખેડબ્રહ્મા,
જિલ્લો -સાબરકાંઠા, | હાલે- ખેડબ્રહ્મા,
કચ્છમાં ગામ- કરબોઇ
- ચેતનાબેન આકાશભાઈ પોકાર ઉ.વ.આ 44
- હર્ષિલ કુમાર આકાશભાઈ પોકાર ઉ.વ.આ 17
- જયમીન આકાશભાઈ પોકાર ઉ.વ.આ 15

ઉપરના ત્રણ પરિવાર પૈકી પ્રથમ બે પરિવાર માકાણી પરિવાર મૂળ જામરેલા કંપા ના વતની છે. ઉપરના ૧૨ નામ પૈકી ત્રણ જણ તુલસીભાઈ જયંતિભાઈ માકાણી ,પ્રવિણાબેન તુલસીભાઈ, મંજુલાબેન બિપિનભાઈ હાજર રહ્યા.

તેમનું સન્માન સાલ પહેરાવી અને ફુલહાર તેમજ લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ આપી સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ કાનાણી ની હાજરીમાં કરવામાં આવ્યું. તેમના પિતા જામરેલા કંપા મંદિરના મુખી છે. તેમ છતાં તે બંને ભાઈના ધર્મપત્ની નામે મંજુલાબેન તથા પ્રવિણાબેન બંને દેરાણી જેઠાણી મૂળ આપણા સનાતન પરિવારની દીકરીઓ છે જે આપણા માટે દાખલા રૂપ સાબિત થયા છે.

જનરલી આપણી દીકરી સતપંથમાં ભળી જાય છે અને સતપંથની દીકરીઓ આપણા સનાતનમાં આવીને આપણા દીકરાઓને સતપંથી બનાવી દેતી હોય છે. પરંતુ તેનાથી વિપરીત આ પરિવારમાં બંને દીકરીઓ આપણા માટે ગૌરવની વાત છે કે તેઓ એ બંને ભાઈઓના હૃદય પરિવર્તન કરી સતપંથનો ત્યાગ કરી સનાતનનો સ્વીકાર કર્યો..

ઉપરોક્ત કાર્યક્રમ હિંમતનગર મુકામે યોજાયેલા સાબરકાંઠા ઝોનના છક્કા સમૂહ લગ્ન નિમિત્તે ઉપસ્થિત કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી ઝોન સમાજના પ્રમુખશ્રી રસિકભાઈ છાભૈયા
કેન્દ્રીય સમાજના પ્રભારી શાંતિભાઈ નાકરાણી
વડાલી વિભાગ ઘટક સમાજ ના
પ્રમુખ ડો. મોહનભાઈ સુરાણી

ઉપપ્રમુખ ભોગીલાલ ધોળુ તથા સમૂહલગ્ન કન્વીનર , યશવંતભાઈ ભગત ની વિશેષ ઉપસ્થિતિમાં હાજર પરિવારના સભ્યોને સાલ દ્વારા સન્માનિત કરી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનો ફોટો અર્પણ કરી સન્માન સાથે સનાતન ધર્મમાં સામેલ કર્યા..

આપણી સમાજ હંમેશા આવકારવા માટે છે તેની પ્રતીતિ નો અહેસાસ કરવામાં આવ્યો..

સતપંથ પીરાણા નો ત્યાગ કરીને માં ઉમિયા અને ભગવાન લક્ષ્મી નારાયણ ઇષ્ટદેવ ની સ્વીકૃતિ. જગ્યા ત્યાંથી સવાર .

નિલકંઠ ચેમ્પિયન ટ્રોફી પાટીદાર પ્રિમીયર લીગ - ૨૦૨૨ નખત્રાણા-કચ્છ.

નખત્રાણા ઉત્સવ મંડળ નો સિક્સર એ સાઇડ ટુર્નામેન્ટ રવિવારે યોજવામાં આવેલ

તારીખ 4 /12/2022 ના રવિવારે દિવસ દરમિયાન શ્રી સત્યનારાયણ પાટીદાર ઉત્સવ મંડળ નખત્રાણા દ્વારા સુપર 8 ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું.

જેની અંદર સમાજની જ કુલ 12 ટીમોએ ફ્રેન્ચાઇઝી સાથે ટુર્નામેન્ટમાં ભાગ લીધો, ફાઇનલ મેચ મિસ્ટર કેપેસિટી અને પ્રિન્સ ફાઈટર વચ્ચે રમાયેલ જેની અંદર પ્રિન્સ ફાઈટર વિજેતા જાહેર થયેલ.

બેસ્ટ બોલર - દિવ્યેશ કેસરાણી
બેસ્ટ બેસ્ટમેન - કિશન ભગત
મેન ઓફ ધ સિરીઝ - સિદ્ધ ભગત
આ મિત્રો ને જાહેર કરવામાં આવેલ.

આ આયોજનને સફળ બનાવવામાં સ્પોર્ટ્સ સમિતિના કન્વી. કુંદન ધનાણી, સહ કન્વી. ચિંતન ભગત અને તેમની સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવા માં આવેલ*

આયોજનને સફળ રીતે પાર પાડવામાં સર્વેદાતાશ્રીઓ અને સહયોગી દાતાશ્રી ઓનો પૂરો સાથ સહકાર મળેલ.

અરવિંદ રવાણી,
નખત્રાણા

સત્યનારાયણ પાટીદાર ઉત્સવ મંડળ દ્વારા નાઈટ ટુર્નામેન્ટ વચ્ચે એક દિવસે રવિવારના દિવસે શિક્ષર એ સાઈડ ટુર્નામેન્ટ રાખવામાં આવેલ હતી

બાકીનો નાઈટ ક્રિકેટ કાર્યક્રમ રાબેતા મુજબ ચાલુ જ છે. ચૂંટણી નાં પરિણામ પછીના ૦૯ તારીખ નાં સેમી ફાઈનલ અને ૧૦ તારીખ ના ફાઇનલ મુકાબલો થશે.

મેન ઓફ ધી સિરીઝ સિધ ભગત એક દિવસીય સુપર સિક્સ ની ક્રિકેટ મેચ માં એવોર્ડ મેળવી રહ્યા છે ચંદુભાઈ રૈયાણી પાસેથી

વડીલ છગનભાઇ રૈયાણી વિજેતા ને પ્રોત્સાહિત કરે છે

રામદેવજી મહારાજ મંદિર પરિસરના વિકાસ અર્થે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફ્રેન્ચાઇઝી રાઉન્ડમાં આજની પ્રથમ મેચમાં આર્ય લાયન વિરાણી મોટી vs ટેકનો ટાઈગર કોટડા જાડોદર ટેકનો ટાઈગર 56 રન ઓલ આઉટ આર્ય લાયન વિજેતા મેન ઓફ ધ મેચ મીત પાંચાણી

આજની બીજી મેચ
રામદેવ ફાઈટર દયાપર Vs ડી પી કે લાયન બિદડા
દયાપર 109 રન વિજેતા ડી પી કે લાયન 114 રન
મેન ઓફ ધ મેચ જીગર રામાણી 18 બોલમાં 44 રન
આજની ત્રીજી મેચ
વિષ્ણુ વિરાટ દેવ પર 122 રન વિજેતા વસુંધરા વોરિયર્સ ગઢસીસા મેન ઓફ ધ મેચ સુમિત લીમાણી
૦૭ ૧૨ ૨૨ કોણ કોણ કોની સામે રમશે
પ્રથમ મેચ
રામદેવ સોલ્જર દરસડી Vs રામદેવ ફાઈટર દયાપર
બીજી મેચ
વિષ્ણુ વિરાટ દેવપર Vs આર્ય એવેન્જર્સ વિરાણી મોટી
ત્રીજી મેચ
બાબરી બ્લાસ્ટર નખત્રાણા Vs ડી પી કે લાયન બિદડા

સંયોજક
અરવિંદ રૈયાણી,
નખત્રાણા

જાણકારો અને રસિકોને સંપર્ક કરવા વિનંતી

આગામી જ્ઞાતિ અધિવેશનમાં સમાજ દ્વારા જ્ઞાતિનો ઇતિહાસ જણાવતું પુસ્તક બહાર પાડવાની તૈયારી ખૂબ જોરશોર થી ચાલી રહી છે.

આપને જણાવતા આનદ થાય છે કે, આપણી જ્ઞાતિ જ્યારથી ઊંઝા વિસ્તારમાં વસ્તી હતી, ત્યારના સામ કાળથી શરૂ કરીને આગામી અધિવેશન સુધીની તમામ મહત્વની ઐતિહાસિક ઘટનાઓ આવરી લેવાનો પ્રામાણિક પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

આપણે જ્ઞાતિ લેવલનો ઇતિહાસતો ભેગો કરી રહ્યા છીએ જ. પણ સાથે સાથે સ્થાનિક સમાજ કે ગામ લેવલ કે વિસ્તાર લેવલ પર બનેલ મહત્વની ઐતિહાસિક ઘટનાઓ કે જેનાથી સનાતન સમાજનું ગૌરવ વધે અને લોકો પ્રેરણા લે, એવી ઘટનાઓનું પણ સંકલન કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

માટે જ્ઞાતિ જનોને સમાજ ખાસ વિનંતી કરે છે કે જે ભાઈ-બહેનો પાસે જ્ઞાતિના ઇતિહાસ વિષે કોઈ દસ્તાવેજો, રિપોર્ટ, અહેવાલો, પુસ્તકો, પેમ્પલેટ, કાગળો, ફોટાઓ, ઓડિયો, વિડીયો કે અન્ય કોઈ પણ સામગ્રી હોય, તો આગળ આવીને અમને જરૂર જાણ કરે. તમારા આ દસ્તાવેજો, વગેરેની નકલ ઉતારીને તમને ઓરિજિનલ વસ્તુઓ તરતજ પાછા આપી દેવામાં આવશે. આપના ઓરિજિનલ દસ્તાવેજો આપના પાસે જ રહશે.

આવી રીતે અગર કોઈ વ્યક્તિ પાસે જ્ઞાતિના ઇતિહાસની કોઈ મહત્વની કોઈ મૌખિક જાણકારી હોય, તો પણ અમારો સંપર્ક જરૂર થી કરે, એવી વિનંતી સમાજ કરી રહી છે.

આ કાર્ય માં સ્વેછીક સમયદાન આપી સહયોગી બનીને આ કાર્ય ને સરાહનીય કરવા ઇચ્છુક સ્ત્રી કે પુરુષ રુચિ સાથે જોડાઈ શકે છે.

ઇતિહાસની જાણકારી આપવા માટે સંપર્ક કરો.. ચંદ્રકાંતભાઈ છાભૈયા - 9833618099
ગૌરાંગભાઈ ધનાણી - 9712299000
Email ID: history@abkkpsamaj.org

#અધિવેશન એક જાગૃતિનો આરીસો

સાબરકાંઠા રીજીયન માં મિશન અભિમન્યુ

હિંમતનગર શહેર સાબરકાંઠા ઝોન સમાજ અને રીજીયન
3/12/2022 , મિશન અભિમન્યુ - સનાતન બાળ સંસ્કાર કેન્દ્ર

શ્રી હિંમતનગર શહેર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મહિલા મંડળ દ્વારા બાળ સંસ્કાર કેન્દ્રનું આયોજન કરવામાં આવેલ... જેમાં સમાજના ઉપપ્રમુખ જેન્તીભાઈ ગોરાણી અને મહામંત્રી દામજીભાઈ પારેખ તેમજ મહિલા મંડળના પ્રમુખ નીરૂબેન પારેખ, મંત્રી દીપિકા ઉકાણી અને મહિલા મંડળ કારોબારી સભ્ય દ્વારા દીપ પ્રાગટ્ય કરી બાળ સંસ્કાર કેન્દ્રની શરૂઆત કરવામાં આવેલ. સર્વ પ્રથમ લક્ષ્મીનારાયણ ભગવાનની આરતી બાદ યોગ, શ્લોક અને તેનો ગુજરાતીમાં ભાષાંતર બોધ વાર્તા બાળગીત અને રમતગમતથી બાળકોની મોજ કરાવેલ.. છેલ્લે રાષ્ટ્ર ગાન ગાઈ સમાપન કરેલ.બાળકો ને સંસ્કાર શિક્ષણ ના ઉદ્દેશ સાથે સેવા આપનાર બહેનો...

મિશન ગુરુ રાધા ધોળુ, પારૂલ નાકરાણી, વર્ષા ભાદાણી, જાગૃતિ વાસણો અને નીતા સાંખાલા.
સંયોજક : નમિતા માધાણી, ગોવા

છત્રપતિ શિવાજી રીજીયન માં મિશન અભિમન્યુ.

તારીખ ૪-૧૨-૨૦૨૨ રવિવારના રોજ ગોરેગાંવ છત્રપતિ શિવાજી રીજીયન દ્વારા મિશન અભિમન્યુ ની શરૂઆત ઉમિયા માતા ના દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી. ત્યારબાદ ઉમિયા માતાની આરતી, લક્ષ્મી નારાયણ ભગવાનની આરતી, હનુમાન ચાલીસા, શ્લોક સાથે યોગાસન, પ્રાણાયામ અને રમત - ગમત કરવામાં આવી. અંતે શાંતિ પાઠ અને રાષ્ટ્રીય ગીત ગાઈને કાર્યક્રમ ની પુર્ણાહુતી કરવામાં આવી.
સંકલન : હેતલ છાભૈયા | સંયોજક : નમિતા માધાણી

અવસાન નોધ

સ્વ. રવજીભાઈ નારણભાઈ નાથાણી (રામાણી)
ઉમર : 95 વર્ષ | તા. 06-12-2022
કચ્છ માં : નખત્રાણા (નવાવાસ)
હાલે : બ્રમાવર, ઉડુપી (કર્ણાટક)

સ્વ. ધનજીભાઈ રવજીભાઈ પારસીયા
ઉમર : 79 વર્ષ | તા. 06-12-2022
કચ્છ માં : ભેરૈયા (MDV)
હાલે : સબલપુર, મોડાસા

સ્વ. ધનજીભાઈ ખેતશી નાકરાણી
ઉમર : 75 વર્ષ | તા. 06-12-2022
કચ્છમાં : નેત્રા (માતાજી)
હાલે : નવસારી (ગુજરાત)

H.K. DOORS
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
HK DOORS
First IMPRESSION of your HOUSE
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205